### કેટલાંક વર્ષોમાં ભારતની તમામ સેક્ટર્સમાં વૃદ્ધિ ટેક્નોલોજી આધારિત રહી છે, નહીં કે માનવ શ્રમ આધારિત

# ઉદ્યોગ સાહસિકતા: સમાવેશક રોજગાર સર્જનનો નક્કર ઉકેલ

ઇન્ડસ્ટ્રી ટૉક
ડૉ. સુનિલ શુક્લા

આંતરરાષ્ટ્રીય સ્તરે મંદીના સંજોગોમાં પણ ભારતીયઅર્થતંત્રની વૃદ્ધિ પ્રભાવશાળી રહી છે. જોકે, રોજગાર સર્જનની પ્રવૃત્તિ હજીપણ નબળી છે અને વૈશ્વિક સરેરાશની તુલનામાં ભારતમાં રોજગાર સર્જનનો દર બે તૃતયાંશ જેટલો જ છે. જો ભારતે ઉંચા આર્થિક વૃદ્ધિદરને જાળવી રાખવો હોય અને પોતાના નાગરિકોને સારી આજીવિકા પૂરી પાડવા માગતું હોય તો આ સમીકરણોમાં બદલાવ લાવવો જરૂરી છે. દેશમાં સમાવેશક રોજગાર સર્જન આવશ્યક છે, જેનાથી આર્થિક પૃષ્ઠભૂમિ, જાતિ, ધર્મ અથવા પ્રદેશના ભેદભાવ વિના તમામને લાભ થાય. સરકાર અને ખાનગી ક્ષેત્ર આ પ્રક્રિયામાં નોંધપાત્ર યોગદાન આપી શકે છે, પરંતુ ઉદ્યોગ સાહસિકતાથી જ ભારતમાં રોજગારની વધતી માગને પૂર્ણ કરવાની ક્ષમતા છે.

છેલ્લાં બે થી ત્રણ દાયકા દરમિયાન ભારતનું આર્થિક વૃદ્ધિનું મોડલ કૃષિથી ઉત્પાદન અને સેવા ક્ષેત્રમાં નોંધપાત્ર પરિવર્તિત થયું હોવા છતાં પણ આર્થિક વૃદ્ધિની સાથે રોજગાર સર્જન તાલ મીલાવી શક્યું નથી. હકીકતમાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભારતની વૃદ્ધિ ટેક્નોલોજી આધારિત રહી છે, નહીં કે માનવ શ્રમ આધારિત. બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રુપ (બીસીજી) અને કોન્ફેડેરેશન ઓફ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રી (સીઆઇઆઇ)ના સહયોગથી તૈયાર કરાયેલા અહેવાલ અનુસાર વર્ષ 2004 અને વર્ષ 2012ના રોજગાર આંકડા મૂજબ સરેરાશ વાર્ષિક ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી) વૃદ્ધિ 8.1 ટકા હતી, પરંતુ રોજગારમાં માત્ર બે ટકાની વૃદ્ધિ નોંધાઇ છે. આ દર્શાવે છે કે જીડીપી વૃદ્ધિની સરખામણીમાં રોજગાર વૃદ્ધિ નબળી રહી છે.

બીસીજી-સીઆઇઆઇ અહેવાલ મૂજબ હેવી મેન્યુફેક્ચરિંગ સેક્ટર્સમાં નોકરીઓ ઉપર ખતરો વધુ છે કારણકે આ એકમો ઝડપથી સ્વયંસંચાલિત બની રહ્યાં છે. આ ઉપરાંત નવી નોકરીઓના પ્રકાર પણ અલગ રહેશે,



જે શ્રમ અન ટેક્નોલોજીના પૂરક લાભો આધારિત રહેશે. અહેવાલમાં જણાવ્યું છે કે બાંધકામ અને નાણાકીય સેવાઓ જેવા વિકસિત ક્ષેત્રો, શિક્ષણ, પ્રવાસન અને પરિવહન, સ્ટોરેજ અને હેલ્થકેર જેવી નબળી સર્વિસિસ તથા નેચરલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર મેનેજમેન્ટ અને ડિજિટલ સર્વિસિસ જેવી ઉભરી સર્વિસિસ રોજગાર ક્ષેત્રની ખાઇ પૂર્ણ કરવામાં મહત્વપૂર્ણ બની રહેશે. શું ઉદ્યોગ સાહસિકો રોજગારદાતા પણ બનવાની અપેક્ષા રાખે છે અને તેમનામાં રોજગારની તકોનું સર્જન કરવાની ક્ષમતા કેટલી છે તે નિર્ણાયક પરિબળ છે તથા નીતિઘડવૈયાઓ તેમાં વિશેષ રૂચિ ધરાવે છે. બીસીજી-સીઆઇઆઇ અહેવાલમાં સામેલ યુએનડીપીના ભારતમાં કામ કરતાં લોકોની વસતીનો પણ અંદાજ મૂકાયો છે. કામ કરતાં લોકોની સંખ્યામાં વધારો વધુ એકવાર રોજગાર સર્જનની જરૂરિયાત તરફ ધ્યાન ખેંચે છે. અહેવાલ મૂજબ ભારતમાં 12થી 15 મિલિયન બિનકૃષિ રોજગારની વાર્ષિક માગની સામે વર્ષ 004-05થી વર્ષ 2011-12 દરમિયાન માત્ર 8 મિલિયન રોજગારનું જ સર્જન થઇ શક્યું હતું. આ સંજોગોમાં ખાઇ પૂર્ણ કરવા માટે વધુ ચારથી સાત મિલિયન રોજગારની તકોનું સર્જન જરૂરી છે. નવા કાર્યક્ષેત્રોમાં કૌશલ્ય વિકાસ અને તાલીમ મહત્વપૂર્ણ પરિબળ બની રહે છે.

(લેખક:ડિરેક્ટર,ઇડીઆઇઆઇ છે)